# <u>પ્રાર્થના પત્ર</u>

|| શ્રી ગણેશાય નમઃ ||

|| આઈ શ્રી આશાપુરાજી સત્ય છે ||

૧) આપણા બધાના જીવનમાં ઘણી એવી સમસ્યાઓ હોય છે જેનું સમાધાન આપણા હાથમાં નથી હોતું. તેના નિરાકરણ માટે તમે ક્યાંય પણ જોવડાવવા કે પૂછાવવા ગયા હોય (જેમ કે કોઈ ભુવા, જ્યોતિષ અથવા કોઈ ધાર્મિક સ્થાનક પર ગયા હોય) તેમના દ્વારા આપેલ યંત્ર, કંકુ, લીંબુ, દોરા, ભસ્મ, રુદ્રાક્ષ, અનાજના દાણા, શ્રીફળ અથવા અન્ય કોઈપણ વસ્તુઓ આપેલ હોય તો તે બધી વસ્તુ ભેગી કરવી અને તેમને હાથ જોડી પ્રાર્થના કરવી "તમે સર્વ શક્તિ મહાન છો. અમારાથી જાણતા કે અજાણતા કંઈ પણ ભુલો થઇ હોય તો ક્ષમા કરજો. આજથી અમે તમને સર્વ બંધનમાંથી મુક્ત કરીએ છીએ અને અમે પણ મુક્ત થઈએ છીએ. અમે તમારી આપેલ વસ્તુઓનું વિસર્જન કરીએ છીએ કારણ કે અમે અમારા દરેક કાર્યો કુળદેવી/ કુળદેવતા ને સોપી રહ્યા છીએ. તો તમો આશીર્વાદ આપો કે દરેક કાર્યોમાં અમને સફળતા મળે." આ રીતે પ્રાર્થના કરવી અને સર્વે વસ્તુઓનું વહેતા જળમાં વિસર્જન કરવું અથવા ત્યાં રાખવામાં આવેલ નિર્માલ્ય કળશમાં વિસર્જન કરી શકાય. (ભસ્મ, કંકુ, દાણા અથવા દોરા તમે કોઈપણ ઝાડના થડે માટીમાં પધરાવી શકો છો / મૂકી શકો છો)

૨) ઘર મંદિરની રચના: -

ઘર મંદિરમાં નીચે લાલ રંગના કપડાં નું આસન પાથરવું. મંદિર ની વચ્ચોવચ કુળદેવી / કુળદેવતાની છબી અથવા મૂર્તિ બિરાજમાન કરવા. કુળદેવીના જમણા હાથ તરફ એટલે મંદિરની સામે આપણે ઊભા હોઈએ તો આપણી ડાબી બાજુએ ગણપતિબાપાને બિરાજમાન કરવા. ત્યારબાદ ગણપતિ બાપાની જમણી બાજુ અને કુળદેવીની ડાબી બાજુએ બીજા ભગવાન કે માતાજીની છબી અથવા મૂર્તિ બિરાજમાન કરી શકો છો પરંતુ તે એક જ હરોળમાં (લાઈનમાં) રાખવા, આગળ કે પાછળ, ઉપર કે નીચે રાખવા નહીં.

ભગવાન કે માતાજી નું એક એક જ સ્વરૂપ રાખવું. અધિક સ્વરૂપ હોય તો ઘરમાં ક્યાંય પણ રાખી શકો છો. ઘર મંદિર માં કુળદેવીને ચૂંદડી ઓઢાડવી અને છત્ર ચડાવવું.

ઘર મંદિરમાં પિતૃ મા-બાપના તથા ગુરુ ના ફોટા રાખવા નહીં.

દીવા અગરબત્તી કરવાની યોગ્ય રીત:

દીવા મંદિરમાં આપણા ડાબા હાથ તરફ રાખવા અને અગરબત્તી આપણા જમણા હાથ તરફ રાખવી.

૩)  સર્વ પ્રથમ મંદિરમાં પહેલો દીવો-અગરબત્તી ગણપતિ બાપાને અને બીજો કુળદેવી/કુળદેવતા ને કરવો સાથે પ્રાર્થના કરવી "હે ગણપતિ બાપા, હે વિઘ્નહર્તા હું, મારા પતિ / પત્ની, મારા બાળકો તથા પરિવાર ઉપર જે કંઈ પણ કારણ, બંધન, વશીકરણ, કરેલું કે મોકલેલું, ગ્રહ પીડા, કર્મ પીડા, પિતૃ પીડા વગેરે જે કંઈ પણ વિઘ્ન હોય તે તમે દૂર કરશો."

૪) "હે માં કુળદેવી/ કુળદેવતા, આપણા કુળની રક્ષા કરવી તમારા હાથમાં છે. અમે તમારા બાળકો છીએ. અમારી તો માથામાં વાળ છે એટલી ભૂલો થતી હોય છે તો અમને ક્ષમા કરશો. તમે અંતર્યામી છો. આપણા કુળની જે કંઈ પણ તકલીફ છે તે તમે દૂર કરશો. અમારી મનોકામના પૂર્ણ કરજો અને સત્યનો માર્ગ બતાવશો."

૫) ત્યારબાદ માતાજીની સમક્ષ જળનું એક પાત્ર ભરીને રાખવું અને પ્રાર્થના કરવી, "હે માં કુળદેવી તમારી પાસે જળ ભરેલું પાત્ર રાખ્યું છે એમાં અમારા માટે ઔષધી (દવા) તૈયાર કરો. કોના માટે શું કાર્ય કરવાનું છે તે તમને ખબર છે." ત્યારબાદ પ્રસાદીરૂપે આ ધરાવેલું જળ ઘરના બધા સભ્યોએ ગ્રહણ કરવું. (આ ધરાવેલું જળ માટલામાં ઉમેરવું નહીં તથા અન્ય કોઈ વસ્તુમાં ઉપયોગમાં લેવું નહીં માત્ર પ્રસાદીરૂપે તેનું સેવન કરવું.)

૬) કુળદેવી/ કુળદેવતા ને પ્રાર્થના કરવી "અમારા પિતૃ મા-બાપ ના આત્માને શાંતિ અને મોક્ષ આપજો અને તમારા શરણમાં રાખજો."

ત્યારબાદ ફક્ત એક જ દિવસ માટે પાણિયારે પિતૃ મા-બાપના નામનો દીવો-અગરબત્તી કરવા (ઘર ની ગૃહિણીએ માથે ઓઢવું -લાજ કાઢવી તથા પુરુષોએ પણ માથે ઓઢવું) અને પ્રાર્થના કરવી કે "હે પિતૃ માં બાપ તમારી જે કંઈપણ ઈચ્છા હશે એ અમે પૂરી કરીશું. અમે તમારું દૂધે પેટ ભરીશું તમારા આત્માને શાંતિ અને મોક્ષ મળે એ માટે તમે કુળદેવી/ કુળદેવતા ના શરણમાં જાઓ અને આશીર્વાદ આપો કે અમારા દરેક કાર્યોમાં સફળતા મળે." {પિતૃ માતા-પિતાને યાદ કરીને તેમના નામે બ્રાહ્મણ જમાડવા. જરૂરિયાતમંદને (ગરીબોને) અને ગાયને ખવડાવવું તથા યથાશક્તિ તેમના નિમિત્તે દાન ધર્મ કરવું}.

જય માતાજી